SHREE VASISHTHA VIDHYALAYA

Gujarati Worksheet 2026-2027

Name : - ______________________________ Std :- II - A / B / C / D

Roll No. :-________ Worksheet No : TA1-05 Date : - ____________

સર્જનાત્મક

ગદ્યાંશ

એક ચતુર કીડી હતી. એનું નામ ઝીણી હતું. આંબા નીચે એનો દર હતો. એકવાર ખૂબ વરસાદ આવ્યો અને આંબાના ઝાડ પાસેથી નાનું ઝરણું વહેવા લાગ્યું. ઝીણીના દરમાં પાણી ભરાયું. ચતુર ઝીણી પાંદડાં પર ચડી પાંદડું વહેતું વહેતું ઝાડ પાસે ગયું. ઝીણી ઝટ દઈને ઝાડ પર ચડી ગઈ અને બચી ગઈ.

પ્ર-૧ ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં એક શબ્દમાં જવાબ આપો.

૧) કીડીનું નામ શું હતું? - ઝીણી

૨) આંબાના ઝાડ પાસેથી શું વહેવા લાગ્યું? - ઝરણું

૩) ઝીણી ઝટ દઈને શેના પર ચડી ગઈ? - ઝાડ

પ્ર-૨ સાચા ઉત્તર પર '✓' નિશાની કરો.

૧) પાયલ કેવી છોકરી હતી? અ) ✓ હસમુખી અને હોશિયાર બ) મસ્તીખોર

૨) પાયલે કઈ હરીફાઈમાં ભાગ લીધો? અ) ✓ દોડની બ) લંગડીની

૩) પાયલે વીજળીનો તાર શેનાથી હટાવ્યો? અ) હાથથી બ) ✓ લાકડીથી

૪) પાયલ કયા રહે છે? અ) શહેરમાં બ) ✓ ગામડામાં

પ્ર-૩ એક વાકયમાં જવાબ લખો.

૧) પાયલે શેનાથી વીજળીનો તાર દૂર કર્યો?

જવાબ: પાયલે લાકડીથી વીજળીનો તાર દૂર કર્યો.

૨) પાયલને કયા કરંટ લાગ્યો હતો?

જવાબ: પાયલને હાથ પર કરંટ લાગ્યો હતો.

૩) પાયલ કઈ રમત રમી રહી હતી?

જવાબ: પાયલ સંતાકૂકડી રમી રહી હતી.

પ્ર-૪ એક શબ્દમાં જવાબ લખો.

૧) પાયલે શેના વડે લખવાનો મહાવરો કર્યો? - પગ

૨) વાવાઝોડાથી શું પડી ગયું હતું? - થાંભલો

પ્ર-૫ ખાલી જગ્યા પૂરો.

૧) રમતાં-રમતાં પાયલના ....ભાઈ........ નો તાર પગ પર પડી ગયો.

૨) ....ડૉક્ટરે........ પાયલને નકલી હાથ લગાવી આપ્યા.

૩) ....ઘર........ ની આજુબાજુ લીલાં-લીલાં ખેતરો હતા.

૪) ....શાળા........ માં રમતોત્સવની તૈયારી ચાલતી હતી.

મૂળભૂત ગણતરી

પ્ર-૧ નીચેની સંખ્યાને શબ્દોમાં લખો.

ક) ૮ - ....આઠ........

ખ) ૨૭ - ....સત્તાવીસ........

ગ) ૧૮ - ....અઢાર........

ઘ) ૨૩ - ....ત્રેવીસ........

ચ) ૧૬ - ....સોળ........

છ) ૩૦ - ....ત્રીસ........

પ્ર-૨ ચિત્રો સાથે સરવાળો કરી જવાબ અંકમાં લખો.

૧) ૪૨ + ...૬.... ⊕⊕⊕⊕⊕⊕ = ...૪૮....

૨) ૨૮ + ...૪.... ☺☺☺☺ = ...૩૨....

વ્યાકરણ

પ્ર-૧ વચન બદલો.

૧) દિવસ - ....દિવસો........

૨) ખેતર - ....ખેતરો........

૩) મિત્ર - ....મિત્રો........

૪) શિક્ષક - ....શિક્ષકો........

૫) વાદળ - ....વાદળો........

૬) પહાડ - ....પહાડો........

પ્ર-૨ નીચેના વાક્યોમાંથી સંજ્ઞા શોધો.

૧) હરણ દોડે છે. - ....હરણ........

૨) સીતા નાચે છે. - ....સીતા........

૩) વાંદરો ઝાડ પર ચડે છે. - ....વાંદરો........

૪) છોકરો લખે છે. - ....છોકરો........

૫) બાળક રડે છે. - ....બાળકો........

કવિતા (મૌખિક) - ચાલો જોવા જઈએ મેળો ...

ચાલો, જોવા જઈએ મેળો, ચાલો, જોવા જઈએ,
મેળામાં મજા કરીશું, ચાલો, જોવા જઈએ...
મેળામાં જઈ શું શું કરશું? ચકરચકર ચગડોળમાં ફરશું,
જાડાપાડા હાથી પર બેસીશું... ચાલો, જોવા...
મેળામાં જઈ શું શું ખાશું? તીખીમીઠી ભેળ ખાશું,
ઠંડો ઠંડો આઈસક્રીમ ખાશું... ચાલો જોવા...
મેળામાં જઈ શું શું લેશું? બહેન માટે બંગડી લેશું,
ભાઈ માટે ભમરડો લેશું, મમ્મી માટે માળા લેશું,
પપ્પા માટે પાકીટ લેશું; ચાલો, જોવા જઈએ મેળો.